DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

અહેવાલપાત્ર

ભારતની સર્વોચ્ચ અદાલતમાં

દિવાની અપીલકીય હકૂમત

સિવિલ અપીલ નંબર ૧૦૩૭૩–૧૦૩૭૪/૨૦૧૦

ગુજરાત રાજ્ય અને અન્યો વગેરે ....અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

જયેશભાઈ કાનજીભાઈ કાલથિયા વગેરે ....સામાવાળા(ઓ)

ચુકાદો

એ. કે. સિકરી, ન્યાયમૂર્તિ

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ ગુજરાતની વડી અદાલતમાં બે રિટ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. એક રિટ અરજી એક જ વ્યક્તિ (અહીં સામાવાળા) દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેની સાથે આંબોલી ગામે, તાલુકા કામરેજ, સુરત ખાતે ચોક્કસ

વિસ્તારમાંથી પસાર થતી તાપી નદીમાંથી સામાન્ય રેતી કાઢવા, એકત્રિત કરવા, અને દૂર કરવા માટે એક વર્ષનો કરાર કરવામાં આવ્યો હતો. રેતી ખાણ અને ખનિજ હોવાથી, રાજ્ય સરકારને આવા ભાડાપટ્ટાઓ આપવા માટે અધિકૃત કરવામાં આવી છે. રેતીના ઉત્ખનન બાદ, તેનો એક ભાગ ફ્લાય એશ ઉમેરીને આગળની પ્રક્રિયાને આધિન રાખવામાં આવ્યો હતો અને બાકીનો ભાગ ગુજરાત રાજ્યની બહાર રેતી તરીકે વેચવામાં આવ્યો હતો. બીજી અરજી દસ અરજદારો (બીજી અપીલમાં સામાવાળાઓ) દ્વારા દાખલ કરવામાં આવી હતી. તેઓ પટેદારો પાસેથી નદીની સામાન્ય રેતીની ખરીદી કર્યા પછી તેના પર પ્રક્રિયા કરવાના વ્યવસાયમાં છે. આ પ્રક્રિયામાં ફ્લાય એશને આઈએસ–ઝોન–૨–રેતીમાં રૂપાંતરિત કરવા માટે તેને ધોવા, સાફ કરવા અને મિશ્રિત કરવાનો સમાવેશ થાય છે, જે પછી તેને કોઈ બ્રાન્ડ નામ હેઠળ ૫૦ કિગ્રાના થેલામાં વેચવામાં આવે છે. આ સામાવાળાઓ તે રેતીને મહારાષ્ટ્ર રાજ્યમાં બિલ્ડરોને પૂરી પાડે છે.

૨) ઉપરોક્ત હકીકતો પરથી સ્પષ્ટ છે કે, રેતી, પ્રક્રિયા કર્યા બાદ, ગુજરાત રાજ્યની બહાર વેચવામાં આવે છે. રિટ અરજીઓમાં ઉઠાવવામાં આવેલ વાંધો મે ૦૪, ૨૦૧૦ના ઠરાવ નં. જીએમઆર–૧૦૨૦૧૦–૧–એસ–સીએચએચ ની સામે હતો, જે મુજબ તમામ પટેદારો, સંગ્રહકર્તાઓ, વેપારીઓ અને નિકાસકારોને ગુજરાત રાજ્યના વિસ્તારોમાંથી ઉત્ખનન

કરેલી સામાન્ય રેતીના રાજ્ય અથવા દેશની બહાર પરિવહન કરીને દેશની અંદરના અન્ય રાજ્યોમાં અથવા અન્ય દેશોમાં નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જ્યારે આ રિટ અરજીઓ વિચારણા હેઠળ હતી ત્યારે, ગુજરાત સરકારે જૂન ૧૧, ૨૦૧૦ના રોજ એક જાહેરનામું બહાર પાડ્યું હતું, જેમાં તાત્કાલિક અસરથી નિયમ ૪૪–બીબી દાખલ કરીને ગુજરાત ગૌણ ખનિજ (સુધારા) નિયમો, ૨૦૧૦ બનાવીને ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬માં સુધારો કરવામાં આવ્યો હતો. આ સુધારો ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ (હવે પછી અહીં 'એમએમડીઆર અધિનિયમ' તરીકે ઓળખવામાં આવે છે)ની કલમ ૨૩–સી સાથે વંચાણે લેતા કલમ ૧૫ હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો કથિત ઉપયોગ કરીને કરવામાં આવ્યો હતો. નિયમ ૪૪–બીબી દ્વારા, ગુજરાત રાજ્યની સરહદ પાર રેતીની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. નિયમ ૪૪–બીબી નીચે મુજબ છે:

> "રાજ્યની સરહદ પાર રેતીની અવરજવરને મંજૂરી આપવામાં આવશે નહીં. જો કોઈ વાહન, અધિકૃત રોયલ્ટી પાસ અથવા ડિલિવરી ચલણ સાથે પણ, પડોશી રાજ્યમાં રેતીનું પરિવહન કરતું મળી આવે છે તો તેને અધિનિયમ અને તે હેઠળ બનાવેલા નિયમોનું ઉલ્લંઘન ગણવામાં આવશે અને તેમાં નિર્દિષ્ટ દંડની જોગવાઈઓ લાગુ પડશે."

૩) ત્યારબાદ બે મહિનાની અંદર, એટલે કે ઓગસ્ટ ૨૬, ૨૦૧૦ના રોજ, ગુજરાત રાજ્યએ ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬ને રદ કરવા માટે

ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ને પણ જાહેર કર્યા. નવા નિયમોના નિયમ ૭૧ની અસર નિયમ ૪૪–બીબી જેવી જ હતી અને તે નીચે મુજબ છેઃ

> "**નિયમ ૭૧. સરહદ પાર રેતીના પરિવહન પર પ્રતિબંધ.**
> – રાજ્યની સરહદ પાર રેતીની અવરજવરને મંજૂરી આપવામાં આવશે નહીં. જો કોઈ વાહન અધિકૃત રોયલ્ટી પાસ અથવા ડિલિવરી ચલણ સાથે પણ પડોશી રાજ્યમાં રેતીનું પરિવહન કરતું મળી આવે છે, તો તેને અધિનિયમ અને તે હેઠળ બનાવેલા નિયમોનું ઉલ્લંઘન ગણવામાં આવશે અને તેમાં નિર્દિષ્ટ કરાયેલી, માંડવાળ સિવાય, દંડાત્મક જોગવાઈઓ લાગુ પડશે."

૪) આ કારણે સામાવાળાઓએ રિટ અરજીઓમાં સુધારો કર્યો હતો, જેમાં સુધારા નિયમોના નિયમ ૪૪–બીબી તેમજ છૂટછાટ નિયમોના નિયમ ૭૧ની સામે વાંધો ઉઠાવવાનો સમાવેશ કરાયો હતો. વડી અદાલતે, વાદગ્રસ્ત ચુકાદા દ્વારા, રિટ અરજીઓને મંજૂરી આપી છે અને ઉપરોક્ત નિયમોને સતા બાહ્યે હોવાના આધાર પર રદ કરી દીધા છે કે રાજ્ય સરકારની નિયમ બનાવવાની સત્તા રાજ્ય સરકારને ખનીજની અવરજવર પર સીધા પ્રતિબંધ મૂકતા નિયમો બનાવવા માટે અધિકૃત કરતી નથી અને અધિકૃત કરવા માટે લંબાવી શકાતી નથી, જેથી બંધારણના અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતામાં અવરોધ આવે. અહીં એ જાતે જ નોંધવું જોઈએ કે આંધ્ર પ્રદેશ વડી અદાલતની **સી. નારાયણ રેડ્ડી અને**

વગેરે વિરુદ્ધ કમિશ્નર, **પંચાયત રાજ અને ગ્રામીણ રોજગાર આયુક્ત, એ.પી., હૈદરાબાદ અને અન્યો** (એઆઇઆર ૨૦૦૪ એપી ૨૩૪)ની ખંડપીઠે વિપરીત અભિપ્રાય લીધો હતો. તેવી જ રીતે, મદ્રાસ વડી અદાલતે પણ **ડી. શિવકુમાર** વિરુદ્ધ **તમિલનાડુ સરકાર** (રીટ અરજી નંબર ૨૩૩૧૭/૨૦૦૮ અને ૨૪૨૧૧/૨૦૦૮) કેસમાં આંધ્ર પ્રદેશ વડી અદાલતની જેમ જ દૃષ્ટિકોણ રાખીને એપ્રિલ ૨૭, ૨૦૦૯ના રોજ ચુકાદા દ્વારા આ મુદ્દે નિર્ણય લીધો હતો. જો કે, આ વિવાદિત ચુકાદામાં ગુજરાત વડી અદાલત આંધ્ર પ્રદેશ અને મદ્રાસ વડી અદાલતોથી અલગ પડે છે. વડી અદાલતોના વિરોધાભાસી અભિપ્રાયને ધ્યાનમાં રાખીને, આ કેસમાં રજા મંજૂર કરવામાં આવી હતી. આ રીતે તાત્કાલિક અપીલો સુનાવણી માટે આખરે આ અદાલત પાસે આવી હતી.

૫) આગળ વધતા પહેલા, અમે એમએમડીઆર કાયદાની યોજનાને વ્યાપક રીતે પુનરાવર્તિત કરવા માંગીશું, કારણ કે તે ગૌણ ખનિજોના નિયમન સાથે સંબંધિત છે અને ગૌણ ખનિજોના સંદર્ભમાં કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારોને સોંપવામાં આવેલી સત્તાઓ છે. આ જ પરીપેક્ષ્યમાં, અમે એમએમડીઆર કાયદાની સંબંધિત જોગવાઈઓની નોંધ લેવાની પણ દરખાસ્ત કરીએ છીએ.

૬) સંસદ દ્વારા સંઘ એટલે કે કેન્દ્ર સરકારના નિયંત્રણ હેઠળ ખાણોના નિયમન અને ખનિજોના વિકાસ માટે એમએમડીઆર કાયદો ઘડવામાં આવ્યો છે. કલમ ૨ એ શરત સાથે આ અસરની ઘોષણા કરે છે કે જાહેર હિતમાં એ અનુકૂળ છે કે સંઘે ખાણોનું નિયમન અને ખનીજોનો વિકાસ અધિનિયમમાં કરેલી જોગવાઈઓ મુજબ તેના નિયંત્રણ હેઠળ લેવું જોઈએ. આ કારણથી જ જ્યાં સુધી ખાણોના નિયમન અને ખનિજોના વિકાસની વાત છે ત્યાં સંઘે નિયંત્રણ લીધું છે. આ નિયંત્રણનો અમલ કરવા, કોઈ પણ વ્યક્તિ દ્વારા કોઈ પણ વિસ્તારમાં કેન્દ્ર સરકારની પરવાનગી સિવાય પ્રાથમિક તપાસ અથવા ખાણકામની કામગીરીને મંજૂરી હોતી નથી. એમએમડીઆર અધિનિયમ અને તે હેઠળ બનાવેલા નિયમો (કલમ ૪)ની જોગવાઈઓ સિવાય પરિવહન અથવા સંગ્રહ પર પણ પ્રતિબંધ છે.

૭) એમએમડીઆર અધિનિયમની કલમ ૧૩ કેન્દ્ર સરકારને ખનિજોના સંદર્ભમાં નિયમો બનાવવાની સત્તા આપે છે.

૮) ઉપર મુજબ એ જાણવા મળે છે કે જ્યાં સુધી લઘુ ખનિજોની વાત છે, રાજ્ય સરકારને મર્યાદિત સત્તાઓ આપવામાં આવી છે કારણ કે એમએમડીઆર અધિનિયમની કલમ ૧૫ હેઠળ રાજ્ય સરકાર ગૌણ ખનિજોના સંદર્ભમાં

નિયમો બનાવવા માટે અધિકૃત છે. આ કલમના સંબંધિત ભાગો નીચે મુજબ છેઃ

> **"૧૫.રાજ્ય સરકારોની ગૌણ ખનિજોના સંદર્ભમાં નિયમો બનાવવાની સત્તા.**– (૧) રાજ્ય સરકાર સત્તાવાર રાજપત્રમાં જાહેરનામા દ્વારા ગૌણ ખનિજોના સંદર્ભમાં ખાણ ભાડાપટ્ટા, ખનન ભાડાપટ્ટા અથવા અન્ય ખનિજ છૂટછાટોની મંજૂરીનું નિયમન કરવા અને તેની સાથે જોડાયેલા હેતુઓ માટે નિયમો બનાવી શકે છે.
>
> (૧એ) વિશેષ રીતે અને ઉપરોક્ત સત્તાનો વ્યાપ પૂર્વગ્રહ વિના, આવા નિયમો નીચેની તમામ અથવા કોઈપણ બાબતો માટે જોગવાઈ કરી શકે છે, જેમ કે –
>
> xx xx xx
>
> (ડી) જે નિયમો મુજબ અને શરતોને આધિન અને સત્તા કે જેના દ્વારા ખાણ ભાડાપટ્ટા, ખનન ભાડાપટ્ટા અથવા અન્ય ખનિજ છૂટછાટોની મંજૂરી આપી શકાય અથવા નવીકરણ કરી શકાય;
>
> xx xx xx
>
> (ઓ) અન્ય કોઈ બાબત કે જેને નિર્ધારિત કરવાની હોય અથવા કરી શકાય.
>
> xx xx xx

૯) ખાણ અને ખનીજ (નિયમન અને વિકાસ) સુધારા અધિનિયમ, ૧૯૯૯ (નંબર ૩૮/૧૯૯૯) દ્વારા આ અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો હતો, જે ડિસેમ્બર ૧૮, ૧૯૯૯થી અમલમાં આવ્યો હતો. આ સુધારા અધિનિયમ દ્વારા, કલમ ૪(૧ક), કલમ ૨૩–ક અને કલમ ૨૩–ગ

દાખલ કરાઈ હતી. અમે ઉદ્દેશો અને કારણોના નિવેદન સાથે આ કલમોને ફરીથી રજૂ કરવા માંગીએ છીએ જેણે વિધાનસભાને આ જોગવાઈઓ દાખલ કરવા માટે પ્રેરિત કરીઃ

"

ઉદ્દેશો અને કારણોનું નિવેદન

ખાણ અને ખનીજ (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૧૯૫૭ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ સિવાયના ખનિજોના નિયમન અને વિકાસની જોગવાઈ કરે છે. ડિસેમ્બર ૧૯૯૬માં યોજાયેલી રાજ્ય મંત્રીઓ/ખાણ અને ભૂસ્તરશાસ્ત્રના સચિવોની પરિષદમાં લેવામાં આવેલા નિર્ણયોના પરિણામે, ખાણ મંત્રાલયના તત્કાલીન સચિવની અધ્યક્ષતામાં ફેબ્રુઆરી ૧૯૯૭માં એક સમિતિ, જે રાજ્ય સરકારોને, અન્ય બાબતોની સાથે, આશાસ્પદ પરવાનાઓ અને ખનન પટાઓના નવીકરણ કરવા અને સંબંધિત મંજૂરીઓ આપવાની સતા અંગે અને આ બાબતે વિલંબ ઘટાડવા માટેના પગલાં સુચવવા, ખનિજોના નિયમન અને વિકાસને સંચાલિત કરતા પ્રવર્તમાન કાયદાઓ અને પ્રક્રિયાઓની સમીક્ષા કરવા જેથી તેઓ બદલાયેલી નીતિઓ સાથે વધુ અનુરુપ બને અને ગેરકાયદેસર ખાણકામને રોકવા માટેના પગલા સૂચવવાની ભલામણો કરે તે માટેની રચના કરવામાં આવી હતી. સમિતિએ પોતાના અહેવાલમાં રાજ્ય સરકારોને સત્તાઓ સોંપવા, પ્રક્રિયા સરળ બનાવવા, વગેરે અંગે વ્યાપક ભલામણો કરી હતી, જે રાજ્યો અને સંભવિત રોકાણકારોને પડતી સમસ્યાઓને હળવી કરવામાં ઘણી મદદ કરશે, સાથે જ ખાસ કરીને ખનન ઉદ્યોગના હિતો અને સામાન્ય રીતે રાષ્ટ્રીય હિતને અકબંધ રાખશે. સમિતિની ભલામણો પર કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, સરકારે ખાણ અને ખનીજ (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૧૯૪૯માં સુધારો કરવાનો નિર્ણય લીધો છે.

૨. કેટલાક કરવાના થતા વધુ મહત્વપૂર્ણ સુધારાઓ નીચે મુજબ છેઃ

xx xx xx

(iii) ગેરકાયદેસર ખનનને રોકવા માટે અધિનિયમની યોગ્ય જોગવાઈઓ સિવાય પરિવહન અથવા સંગ્રહ અથવા કોઈપણ ખનીજના પરિવહન અથવા સંગ્રહ માટે કારણભૂત કોઈપણ બાબત પર પ્રતિબંધ મૂકતી નવી જોગવાઈ અધિનિયમમાં ઉમેરવાની દરખાસ્ત કરવામાં આવી છે. વધુમાં, અધિનિયમની પ્રસ્તાવિત નવી જોગવાઈની જોગવાઈઓના ઉલ્લંઘનને દંડનીય બનાવી આવરી લેવાં સદરહુ અધિનિયમમાં સુધારો પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે. સદરહુ અધિનિયમ હેઠળ જપ્ત કરાયેલી કોઈ પણ વસ્તુ અદાલતના આદેશો હેઠળ જપ્ત થવા પાત્ર છે તેવું સુચવતી જોગવાઈને ઉમેરવાનું પણ પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે. ખનિજોના ગેરકાયદેસર ખનન, પરિવહન અને સંગ્રહને રોકતા અને તેની સાથે જોડાયેલા હેતુઓ માટે નિયમો બનાવવા રાજ્ય સરકારોને સતા આપવા એક નવી કલમ ઉમેરવાની પ્રસ્તાવના કરવામાં આવી છે.

<u>કલમ ૪(૧એ)</u>

આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ બનાવેલા નિયમો સિવાય કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ખનીજનું પરિવહન અથવા સંગ્રહ અથવા પરિવહન અથવા સંગ્રહનો પ્રયાસ કરી શકશે નહીં.

<u>કલમ ૨૩–સી</u>

(૧) રાજ્ય સરકાર, સત્તાવાર રાજપત્રમાં જાહેરનામા દ્વારા, ખનિજોના ગેરકાયદેસર ખનન, પરિવહન અને સંગ્રહને રોકવા અને તેની સાથે જોડાયેલા હેતુઓ માટે નિયમો બનાવી શકે છે.

(૨) વિશેષ રીતે અને ઉપરોક્ત સત્તાની વ્યાપકતા પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, આવા નિયમો નીચેની તમામ અથવા કોઈ પણ બાબત માટે જોગવાઈ પૂરી પાડે છે, જેમ કેઃ–

(એ) પરિવહન હેઠળના ખનિજોની તપાસ માટે ચેક–પોસ્ટની સ્થાપના;

(બી) પરિવહન કરવામાં આવી રહેલા ખનીજના જથ્થાને માપવા માટે વજન–પુલની સ્થાપના;

(સી) આશાસ્પદ પરવાના અથવા ખનન પટા અથવા ખાણ પરવાના અથવા મંજૂરી, જે કોઈ નામ હેઠળ ખનિજના ખનનની મંજૂરી આપવામા આવી હોય, તે હેઠળ મંજૂર કરાયેલા વિસ્તારમાંથી પરિવહન કરવામા આવી રહેલા ખનિજોનું નિયમન;

(ડી) ખનન અથવા સંગ્રહના સ્થળે અથવા પરિવહન દરમિયાન ખનિજોનું નિરીક્ષણ, ચકાસણી અને તપાસ;

(ઈ) સદરહુ નિયમોના હેતુઓ માટે રજિસ્ટર અને ફોર્મની જાળવણી;

(એફ) જે સમયગાળા દરમિયાન અને જે સતાધિકારી સમક્ષ કોઈ સતાધિકારી દ્વારા પસાર કરાયેલા કોઈ પણ સુધારા માટેની અરજીઓને આ કલમ હેઠળ બનાવેલા કોઈ પણ નિયમ અનુસાર અગ્રિમતા આપવી; અને

(જી) ખનિજોના ગેરકાયદેસર ખનન, પરિવહન અને સંગ્રહને અટકાવવાના હેતુસર નિર્ધારિત કરવા જેવી અથવા થયેલી અન્ય કોઈ બાબત.

(૩) કલમ ૩૦માં કંઈ પણ સમાવિષ્ટ હોવા છતાં, રાજ્ય સરકાર અથવા તેના કોઈ અધિકૃત અધિકારીઓ અથવા તેના કોઈ સતાધિકારી દ્વારા પેટા–કલમો (૧) અને (૨) હેઠળ બનાવેલા નિયમો

અનુસાર પસાર કરાયેલા હુકમોમાં સુધારો કરવાની કેન્દ્ર સરકારને કોઈ સત્તા રહેશે નહીં."

૧૦) ઉપર નોંધ્યા મુજબ, એમએમડીઆર અધિનિયમની કલમ ૨૩–સી હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને વિવાદિત નિયમો બનાવવામાં આવ્યા છે. વધુમાં, કલમ ૧૪ સ્પષ્ટપણે જણાવે છે કે કલમ ૫ થી ૧૩ની જોગવાઈઓ લઘુ ખનિજોના સંદર્ભમાં લાગુ પડતી નથી, કલમ ૧૩માં સમાવિષ્ટ કેન્દ્ર સરકારની નિયમ બનાવવાની સત્તા ગૌણ ખનિજોને લાગુ પડતી નથી. આ સંદર્ભમાં કલમ ૧૫ રાજ્ય સરકારને ગૌણ ખનિજોના સંદર્ભમાં નિયમો બનાવવાની સત્તા આપે છે. આમ, રાજ્ય સરકારને કલમ ૧૫ હેઠળ સત્તા આપવામાં આવી છે. તેને કલમ ૨૩–સી હેઠળ પણ સત્તા આપવામાં આવી છે.

૧૧) ઉપરોક્ત ચર્ચા સંબંધે કલમ ૧૫ અને ૨૩–સીનું વાંચન સ્પષ્ટપણે સૂચવે છે કે રાજ્ય સરકારની નિયમો બનાવવાની સત્તા આ બાબતોમાં સિમિત છે:

(એ) ગૌણ ખનિજોના સંદર્ભમાં ખાણ ભાડાપટ્ટા, ખનન ભાડાપટ્ટા અથવા અન્ય ખનિજ છૂટછાટોની મંજૂરી આપવા અને તેની સાથે જોડાયેલા હેતુઓ માટેના નિયમો બનાવવા; અને

(બી) ખનિજોના ગેરકાયદેસર ખનન, પરિવહન અને સંગ્રહને રોકવા અને તેની સાથે જોડાયેલા હેતુઓ માટેના નિયમો બનાવવા.

૧૨) ઉપરોક્ત સંદર્ભે, વડી અદાલત સમક્ષ એ સવાલ ઊભો થયો હતો કે વિધાનસભા દ્વારા રાજ્ય સરકારને સોંપવામાં આવેલી આવી સત્તાઓનો ઉપયોગ કરીને, રાજ્ય સરકાર એવો નિયમ બનાવી શકે કે કેમ જેમાં રેતી જે એક ગૌણ ખનિજ છે તેને ગુજરાત રાજ્યની સરહદો પાર લઇ જવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને આવી હિલચાલને દંડનીય અપરાધ માનવામાં આવશે. વડી અદાલત અનુસાર, ઉપરોક્ત જોગવાઈઓ હેઠળ રાજ્ય સરકારને સત્તા સોંપવામાં આંતર–રાજ્ય વ્યાપાર, વાણિજ્ય અને વ્યાવહારિક સંબંધો જે મુકત હશે તેને સિમિત કરવાનો સમાવેશ અથવા પરિકલપના થતી નથી. આ રીતે, સદરહુ વિવાદિત નિયમોને એમએમડીઆર અધિનિયમની કલમ ૧૫ અને ૨૩–સીની જોગવાઈઓના અમલીકરણની બહાર ગણવામાં આવે છે. તેઓને બંધારણના અનુચ્છેદ ૩૦૧ના ઉલ્લંઘનકારક તરીકે પણ માનવામાં આવે છે. સદરહુ વિવાદિત ચુકાદામાં ગુજરાત વડી અદાલત દ્વારા આ પાસા પરની સંબંધિત ચર્ચા નીચે મુજબ છેઃ

> "૧૪. અગાઉ જોઇ ગયા તેમ, ગેરકાયદેસર ખનનને રોકવાના દ્રષ્ટિકોણથી કાયદાની જોગવાઈઓ અને તે વતી બનાવેલા નિયમો સિવાય કોઈ પણ ખનીજના પરિવહન અથવા સંગ્રહ પર પ્રતિબંધ મૂકવાના હેતુસર કલમ ૪(૧–એ) અને કલમ ૨૩–સીની જોગવાઈઓ ૧૯૯૯ના સુધારા દ્વારા એક સાથે

ઉમેરવામાં આવી હતી. કોઈ પણ ખનિજનો આંતર–રાજ્ય વ્યાપાર પરનો પ્રતિબંધ અથવા નિયંત્રણ સ્પષ્ટપણે અથવા જરૂરી સૂચિતાર્થ દ્વારા ન તો ઉદ્દેશાયેલો કે પ્રદાન કરાયેલો અથવા પરિકલ્પિત હતો. બીજી બાજુ, અધિનિયમની કલમ ૧૫ અથવા કલમ૨૩–સીમાં નિયમો બનાવવાની સત્તાઓની સોંપણી કલમ ૧૮ની જેમ સામાન્ય સ્વરુપમાં વર્ણાયેલી નથી. કલમ ૧૮ કેન્દ્ર સરકારને સમગ્ર દેશમાં ખનિજોના સંરક્ષણ અને વિકાસના હેતુ માટે તેને યોગ્ય લાગે તેવા નિયમો બનાવવાની સત્તા આપે છે. બહોળા વ્યાપમાં આવરી લેવાયેલી આવી સત્તાઓની સોંપણી ઉપરાંત, કોઈ પણ ખાણમાંથી ખનિજોના ઉત્ખનન અથવા સંગ્રહના નિયમન તેમજ ખનિજોના સંગ્રહ માટેના નિયમો બનાવવા માટે કેન્દ્ર સરકાર વિશેષ રીતે અધિકૃત છે. તેની સામે, રાજ્ય સરકારને બધા જ ખનિજોના સંદર્ભમાં આશાસ્પદ પરવાના અથવા ખનન ભાડાપટા અથવા ખાણ પરવાના અથવા મંજૂરી હેઠળ મંજૂર કરેલા વિસ્તારમાંથી પરિવહન કરવામાં આવી રહેલા ખનિજોના નિયમન માટેના નિયમો બનાવવાની સતા છે. કલમો ૪(૧–એ), ૧૫, ૧૮, ૨૧ અને ૨૩–સીની જોગવાઈઓમાં સમાવિષ્ટ અધિનિયમનો સંદર્ભ અને સંયુક્ત પદ્ધતિ સ્પષ્ટપણે સૂચવે છે કે ગૌણ ખનિજો સહિત ખનિજોના પરિવહન અથવા સંગ્રહ માટે નિયમન અથવા નિયમો બનાવવા માટે સત્તાની સોંપણી, રાજ્ય સરકારને ખનિજોની અવરજવર પર સીધા પ્રતિબંધ મૂકતા નિયમો બનાવવા માટે સતા આપતું નથી અને આપી પણ ન શકાય, જેના કારણે બંધારણના અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતામાં અવરોધ ઊભો થાય. હકીકતમાં, દેખિતિ રીતે એ તો સ્પષ્ટ છે કે રાજ્ય સરકારે રાજ્યમાં ખનિજોના પરિવહન, કબજા અને સંગ્રહને નિયંત્રિત કરવા માટે અધિનિયમની કલમ ૨૩–સીની રુએ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, પરિવહન અને સંગ્રહની રોકથામ) નિયમો, ૨૦૦૫ બનાવ્યા છે; અને તે નિયમો સામે વાંધો ઉઠાવાયો નથી. જો કે તે

નોંધપાત્ર નથી, તેમ છતાં વિવાદિત નિયમોની માન્યતા વિશે અહીં લેવામાં આવેલા દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને, એ નોંધવું જરૂરી છે કે નવા નિયમ ૭૧નો એ ભાગ જે માંડવાળની સુવિધા છીનવી લે છે તે દેખિતિ રીતે અધિનિયમની કલમ ૨૩–એને પ્રતિકૂળ છે. અને, જો વિવાદિત નિયમોની માન્યતાને જાળવી શકાતી નથી, તો કોઈ પણ કાનૂની, કારોબારી અથવા કાયદાકીય સત્તામંડળના સમર્થન વિના વિવાદિત ઠરાવ ટકી શકતો નથી."

૧૩) અમે, આ તબક્કે, આંધ્ર પ્રદેશ અને મદ્રાસની વડી અદાલતો દ્વારા તેમના દ્રષ્ટિકોણના સમર્થનમાં આપવામાં આવેલા તર્કનો પણ ઉલ્લેખ કરી શકીએ છીએ, જે ગુજરાત વડી અદાલત દ્વારા લેવાયેલા દ્રષ્ટિકોણ સાથે વિરોધાભાસી છે. આંધ્ર પ્રદેશ વડી અદાલતનો ચુકાદો સદરહુ બાબતને નીચે દર્શાવ્યા રીતે નક્કી કરે છેઃ

"૨૭. અધિનિયમની કલમ ૨૩–સી રાજ્ય સરકારને માત્ર ગેરકાયદેસર ખનન અટકાવવાના હેતુથી જ નહીં, પરંતુ ગૌણ ખનિજોના પરિવહન અને સંગ્રહ માટે પણ નિયમો બનાવવા અધિકૃત કરે છે, જે સતાનો અર્થ એ થશે કે ગૌણ ખનિજોનું ખનન થયા પછી પણ, રાજ્ય સરકારને આવા ખનનિત ગૌણ ખનિજના સંદર્ભે તેના સંગ્રહ અને/અથવા તેના પરિવહન માટે નિયમો ઘડવાની અને કોઈ ગેરકાયદેસર ખનનની પ્રવૃત્તિ નથી થઇ રહી તે જોવા માટે નિંયમો ઘડવાની સત્તા આપવામા આવે છે. કલમ ૨૩–સીના ખંડ (૨)ના પેટા–ખંડો (એ) થી (જી) એ બાબતો માટે દ્રષ્ટાંતરુપ છે, જેઓ નિયમ બનાવવાની સત્તા હેઠળ આવે છે. પેટાકલમ (૨) મુજબ કલમ ૨૩ હેઠળ વિશેષ રીતે અને સત્તાની વ્યાપકતા પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, નિયમો નીચેની તમામ અથવા કોઈ પણ બાબત માટે જોગવાઈ પૂરી પાડે છે. પેટાખંડ (સી) જાતે જ

જણાવે છે કે પરવાના અથવા ખાણકામ ભાડાપટા હેઠળ મંજૂર કરવામાં આવેલા વિસ્તારમાંથી પરિવહન કરવામાં આવતા ખનીજના નિયમો બનાવી શકાય છે. ઉત્ખનિત ખનિજના પરિવહન સહિત કોઈ પણ બાબતો પર નિયમો ઘડી શકાય છે. કલમ ૨૩–સી એ સત્તાનો સ્રોત છે જેની હેઠળ રાજ્ય સરકાર દ્વારા નિયમ ૯–ડબલ્યુ ઘડવામાં આવ્યો હોવાનું કહી શકાય. આપણે એ ધ્યાનમાં રાખવું પડશે કે કાવેરી ચેટ્ટીના કેસમાં (ઉપરોક્ત) સર્વોચ્ચ ન્યાયાલયના નિર્ણય પછી સંસદે સુધારો અધિનિયમ, ૧૯૯૯ (અધિનિયમ નંબર ૩૮/૧૯૯૯) પસાર કર્યો હતો અને એ રીતે મુખ્ય અધિનિયમમાં કલમ ૨૩–સી દાખલ કરી હતી. ઉપરોક્ત જોગવાઈ દ્વારા, ખનિજોના ગેરકાયદેસર ખનન, પરિવહન અને સંગ્રહને રોકવા માટે રાજ્ય સરકારને નિર્દિષ્ટ નિયમો બનાવવાની સત્તા આપવામાં આવી હતી. રાજ્ય સરકારે ત્યારબાદ નિયમો બનાવ્યા છે. આમ, રાજ્ય સરકાર પાસે ઉત્ખનિત ગૌણ ખનિજોના પરિવહન સંબંધિત નિયમો ઘડવાની પૂરતી સત્તા છે, જેમાં ઉપરોક્ત ગૌણ ખનિજોના રાજ્યની સરહદોની પાર પરિવહન પરના નિયંત્રણનો સમાવેશ થાય છે. આ બાબતને ધ્યાનમાં રાખતા, નિયમ ૯–ડબલ્યુ સામે ઉઠાવેલો વાંધો આધારરહિત છે."

૧૪) એ જ રીતે, મદ્રાસ વડી અદાલત આ મુદ્દા પર નીચે મુજબ ચર્ચા કરે છેઃ

"૧૩. <u>'નિયમન' શબ્દની વ્યાખ્યા</u>
શ્રી વી. ટી. ગોપાલને દલીલ કરી છે કે અધિનિયમની કલમ ૨૩–સીમાં ઉલ્લેખિત 'નિયમન' શબ્દનું અર્થઘટન પ્રતિબંધ તરિકે ન કરવું જોઈએ. તેઓએ વધુમાં દલીલ કરી હતી કે સંપૂર્ણ પ્રતિબંધ કાયદામાં અસ્વીકાર્ય છે, જે અનુચ્છેદ ૧૯(૧)(જી) નું ઉલ્લંઘન કરે છે અને, તેથી, વિવાદિત નિયમ કાયદામાં ભૂલભરેલો જાહેર થવાપાત્ર છે. અમારો અભિપ્રાય છે કે 'નિયમન' શબ્દનો કોઈ નિશ્ચિત અર્થ નથી. જ્યારે જાહેર હિત સામેલ હશે ત્યારે સદરહુ શબ્દને વ્યાપક અર્થ આપવો પડશે. (૧૯૮૧) ૨

એસસીસી ૨૦૫ (તમિલનાડુ રાજ્ય વિરુદ્ધ હિંદ સ્ટોન)માં નોંધાયેલા ચુકાદામાં, માનનીય સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ ચુકાદો આપ્યો છેઃ

"૧૦. અમારી સમક્ષ રજૂ કરવામાં આવેલી દલીલોમાંની એક દલીલ એ હતી કે ખાણ અને ખનીજ (નિયમન અને વિકાસ) અધિનિયમની કલમ ૧૫, ખનન ભાડાપટાની મંજૂરીના નિયમન માટે નિયમો બનાવવાને અધિકૃત કરે છે, નહિ કે તેમને પ્રતિબંધિત કરવા, જે નિયમ ૮–સી કરવા માંગતો હતો અને તેથી, નિયમ ૮–સી કલમ ૧૫ની સત્તાથી બહાર હતો. આ વિષય પરના જાણીતા કેસો જેવા કે ટોરોન્ટો સિટીના મ્યુનિસિપલ કોર્પોરેશન વિરુદ્ધ વરગો અને ઓન્ટારિયોના એટર્ની–જનરલ વિરુદ્ધ ડોમિનિયન્સના એટર્ની જનરલથી લઈને યુપી રાજ્ય વિરુદ્ધ હિન્દુસ્તાન એલ્યુમિનિયમ કોર્પોરેશન લિમિટેડ સુધીના અમારા ધ્યાન પર લાવવામાં આવ્યા હતા. અમને નથી લાગતું કે "નિયમન" નો અર્થ એટલો જડ છે કે તેને ક્યારેય "પ્રતિબંધ" તરીકે ન લેવાવો જોઈએ. કાયદામાં સદરહુ અભિવ્યક્તિનો ઉપયોગ કયા સંદર્ભમાં થાય છે અને વિચારેલા નિયમન દ્વારા જે ઉદ્દેશ પ્રાપ્ત કરવાનો છે તેના પર ઘણું નિર્ભર કરે છે. સદરહુ અવલોકન જી. કે. કૃષ્ણન વિરુદ્ધ તમિલનાડુ રાજ્ય કેસમાં ન્યાયમૂર્તિ મેથ્યુ દ્વારા કરવામાં આવ્યું હતુંઃ 'નિયમન' શબ્દનો કોઈ નિશ્ચિત અર્થ નથી. તેનો અર્થ જે બાબતને તે લાગુ કરવામાં આવે છે તેની પ્રકૃતિ અનુસાર અલગ પડે છે. "આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંબંધિત આધુનિક કાયદાઓમાં, "નિયમન"ને, આવશ્યકપણે, એટલું વ્યાપક અર્થઘટન મળવું જોઈએ કે અમુક પરિસ્થિતિઓમાં, તેને ખાનગી ક્ષેત્રમાંથી જાહેર ક્ષેત્ર સાથેની સ્પર્ધાને બાકાત રાખવી જોઈએ. વધુ તો કલ્યાણકારી રાજયમાં. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ બેંક ઓફ ન્યૂ સાઉથ વેલ્સમાં પ્રિવી કાઉન્સિલ દ્વારા ધ્યાન દોરવામાં આવ્યું હતું – અને તેમાં જે કહેવામાં આવ્યું હતું તેની સાથે અમે સહમત છીએ – કે સવાલ એ છે કે શું અધિનિયમ નિયમનકારી કે કંઈક વધુ હતો અથવા શું નિયંત્રણ સીધુ હતુ કે, રાજકીય, સામાજિક અથવા

આર્થિક વિચારણા જેટલું કાયદેસર નહી પણ માત્ર પ્રાસંગિકરીતે સંકળાયેલું હતુ અને એમ કે તે નિર્ધારિત કરી શકાતું નથી કે રાજ્ય અથવા કોમનવેલ્થ એજન્સીમાં એકાધિકાર પેદા કરી શકાય તે હેતુથી સ્પર્ધાને બાકાત રાખવાનું કોઈ પણ સંજોગોમાં ન્યાયિક ઠેરવી શકાય નહી. એવું કહેવામાં આવ્યું હતું કે, દરેક કેસનો નિર્ણય તેની પોતાની હકીકતો અને તેના પોતાના સમય અને સંજોગો પર થવો જોઈએ અને એવું બની શકે કે કેટલીક આર્થિક પ્રવૃત્તિઓના સંદર્ભમાં અને સામાજિક વિકાસના અમુક તબક્કે, રાજ્યના એકાધિકારને ધ્યાનમાં રાખીને પ્રતિબંધ એ નિયમનની એકમાત્ર વ્યવહારુ અને વ્યાજબી રીત હતી. આપણે જે કાયદા વિશે વાત કરીએ છીએ, ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, તેનો ઉદ્દેશ, આપણે જેમ વારંવાર કહી ચૂક્યા છીએ તેમ, ખનિજોનું સંરક્ષણ અને વિવેક અને સમજદારીભર્યુ ખનન છે. ચોક્કસપણે, દુર્લભ ખનિજના કિસ્સામાં, રાજ્ય અથવા તેની સંસ્થા દ્વારા ખનનની મંજૂરી આપવી અને ખાનગી સંસ્થાઓ દ્વારા ખનન પર પ્રતિબંધ મૂકવો એ સંરક્ષણ અને વિવેકપૂર્ણ ખનનની સૌથી અસરકારક પદ્ધતિ છે. જો તમે ભવિષ્ય માટે બચાવવા માંગો છો, તો તમારે વર્તમાનમાં પ્રતિબંધ મૂકવો જ જોઈએ. અમને કોઈ શંકા નથી કે અમુક કિસ્સાઓમાં ભાડાપટ્ટાઓ પર પ્રતિબંધ મૂકવો એ અધિનિયમની કલમ ૧૫ દ્વારા વિચારવામાં આવેલા નિયમનનો જ એક ભાગ છે.

તેવી જ રીતે, (૨૦૦૦) ૮ એસસીસી ૬૫૫ (ખાણ માલિકોનું સંગઠન વિરુદ્ધ બિહાર રાજ્ય)માં એવું માનવામાં આવ્યું છે કે 'નિયમન' શબ્દને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયને ધ્યાનમાં રાખીને વ્યાપક અર્થઘટન આપવું પડશે. અમારો અભિપ્રાય છે કે પ્રતિબંધ વ્યાજબી છે કે નહીં તે નક્કી કરતી વખતે, અદાલતે નાગરિકના મૂળભૂત અધિકારની સામે બહોળા પરિપેક્ષ્યમાં જાહેર અને સામાજિક હિતને ધ્યાનમાં લેવું પડશે. (૨૦૦૩) ૭ એસસીસી ૫૯ (ભારતીય હસ્તકલા એમ્પોરિયમ વિરુદ્ધ ભારત સંઘ)માં, માનનીય સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો

છે કે હાથીદાંતના વેપાર પરના પ્રતિબંધથી અનુચ્છેદ ૧૯(૧)(જી)નું ઉલ્લંઘન થતુ નથી અને તે બંધારણના અનુચ્છેદ ૧૯(૬) હેઠળ વ્યાજબી પ્રતિબંધ છે. એ પણ નોંધવું જોઈએ કે બહોળા જાહેર હિતને ધ્યાનમાં રાખીને માત્ર રેતીને રાજ્યની બહાર લઈ જવા પર પ્રતિબંધ છે. તેથી, અમારો અભિપ્રાય છે કે 'નિયમન' શબ્દની વ્યાખ્યા ખનિજોની રાજ્યની બહારની અવરજવર અને પ્રતિબંધને આવરી લેવા માટે પૂરતી વ્યાપક છે.

xx xx xx

૧૬. <u>પર્યાવરણીય પરિપ્રેક્ષ્ય</u>

સરકાર પાસેથી ખરીદવામાં આવેલી રેતીને, રેતીના વ્યાપારીઓ અને મકાનના ઠેકેદારો દ્વારા રાજ્યની બહાર પરિવહન કરવાના કરવામાં આવેલા પ્રયાસોને ધ્યાનમાં રાખીને સદરહુ નિયમ રજૂ કરવામાં આવ્યો છે. સરકાર અનુસાર, સદરહુ નિયમ જાહેર હિતમાં બનાવવામાં આવ્યો છે અને તમિલનાડુ રાજ્યમાં ગ્રાહકોને પડેલી મુશ્કેલીઓ તેમજ રાજ્યમાં શહેરીકરણના ઊંચા દરને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. જવાબી સોગંદનામામાં સરકાર દ્વારા એવું પણ જણાવાયું છે કે ગેરકાયદેસર, બિનહિસાબી રેતીનું પણ પરિવહન રાજ્યની બહાર કરવામાં આવે છે. સર્વવિદિત છે કે હજારો વર્ષો દરમિયાન હાલના સ્વરૂપમાં રહેલી રેતી અત્યાર સુધીમાં વિવિધ ફેરફારોમાંથી પસાર થઈ છે. નિષ્ણાંત સમિતિ અનુસાર, નદીની રેતીના વધુ પડતા અને અવિવેકપૂર્ણ ખનનને કારણે પર્યાવરણ અને ઈકો–સિસ્ટમને ખૂબ અસર થઈ હતી. નિષ્ણાત સમિતિને એ પણ જાણવા મળ્યું છે કે અવિવેકપૂર્ણ ખનનને પરિણામે નદીના તળિયા ઊંડા થયા છે, નદીઓ પહોળી થઇ છે, નાગરિક માળખાને નુકસાન પહોંચ્યું છે, ભૂગર્ભ જળ સ્તર અને જમીનની ગુણવત્તામાં ઘટાડો થયો છે, નદી પ્રણાલીને નુકસાન થયું છે

અને જૈવ–વિવિધતામાં ઘટાડો થયો છે. તેથી, વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે ઓછામાં ઓછી રેતીનો ઉપયોગ કરવો મહત્વપૂર્ણ છે. જો રાજ્યની બહાર વિવિધ સ્થળોએ માંગને કારણે રેતીનું પરિવહન કરવાની મંજૂરી આપવામાં આવે, તો તે વધુ રેતીની માંગમાં માત્ર વધારો કરશે. તેનાથી બદલામાં પર્યાવરણને ગંભીર અસર થશે. તેથી, કુદરતી સંસાધનો પરની અસર જોવી પડશે. તે અધિકૃત છે કે નહી, કાયદેસર છે કે ગેરકાયદેસર, પર્યાવરણનું સંરક્ષણ અને રક્ષણ મહત્વપૂર્ણ છે. સ્વચ્છ પર્યાવરણનો અધિકાર એ અનુચ્છેદ ૨૧ હેઠળ બાંયધરીકૃત મૂળભૂત અધિકાર છે. બંધારણનો અનુચ્છેદ ૪૮–એ પર્યાવરણની સુરક્ષા અને સુધારણા વિશે જણાવે છે અને બંધારણનો અનુચ્છેદ ૫૧(એ) જંગલ, સરોવરો, નદીઓ અને વન્યજીવન સહિત કુદરતી પર્યાવરણની સુરક્ષા અને સુધારણા માટેની મૂળભૂત ફરજો સાથે સંબંધિત છે. માનનીય સર્વોચ્ચ અદાલતે (૨૦૦૩) ૭ એસસીસી ૫૮૯ (ભારતીય હસ્તકલા એમ્પોરિયમ વિરુદ્ધ ભારત સંઘ)માં ચુકાદો આપ્યો છે કે નિર્દેશક સિદ્ધાંતનો અમલ સામાન્ય જનતાના હિતમાં પ્રતિબંધની અભિવ્યક્તિની અંદર છે. તેથી, અમારું માનવું છે કે પર્યાવરણીય દ્રષ્ટિકોણથી પણ વિવાદિત નિયમને ટકાવી રાખવો પડશે."

૧૫) અદાલતે **તમિલનાડુ રાજ્ય** વિરુદ્ધ **હિંદ સ્ટોન અને અન્યો**{(૧૯૮૧) ૨ એસસીસી ૨૦૫} તેમજ **ટી. એન. ગોડાવર્મન થિરુમુલપદ** વિરુદ્ધ **ભારત સંઘ અને અન્યો**{(૨૦૦૬) ૧ એસસીસી ૧}માં પ્રતિપાદિત જાહેર વિશ્વાસના સિદ્ધાંતની પણ મદદ લીધી હતી.

૧૬) ગુજરાત રાજ્ય વતી હાજર રહેલા વિદ્વાન વકીલ શ્રી પ્રિતેશ કપૂરે શરુઆતમાં જ રજૂઆત કરી હતી કે એમએમડીઆર અધિનિયમની કલમ ૧૫(૧)માં ઉપયોગમાં લેવાતી ભાષાનો વ્યાપ અત્યંત વ્યાપક છે, જે મુજબ સંસદે રાજ્યોને ખાણ ભાડાપટા, ખનન ભાડાપટા અથવા ગૌણ ખનિજોના સંદર્ભમાં અન્ય ખનિજ છૂટછાટો અને તેની સાથે જોડાયેલા હેતુઓ માટે નિયમો બનાવવાની સંપૂર્ણ સત્તા સોંપી હતી. તેઓના જણાવ્યા અનુસાર, આ અદાલતે શ્રેણીબદ્ધ ચુકાદાઓ દ્વારા નીચેની દરખાસ્તોનું સમાધાન કર્યું છે:

(i) કલમ ૧૫(૧) હેઠળ નિયમન કરવાની સત્તા સંપૂર્ણ છે અને ખાસ કરીને એ હકીકતને ધ્યાનમાં રાખીને કે ગૌણ ખનિજોના નિયમન સાથે જોડાયેલા તમામ હેતુઓ માટે સતા આપવામાં આવી છે, સંસદે ગૌણ ખનિજો જેવી વિષયવસ્તુ પર રાજ્યોને સંપૂર્ણ નિયંત્રણ સોંપ્યું છે.

(ii) આ સત્તા મંજૂરી આપ્યા બાદ સમાપ્ત થઇ જતી નથી અને મંજૂરી પછી પણ પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવાનું ચાલુ રાખે છે.

(iii) ગૌણ ખનિજોના સંદર્ભમાં, સંસદે આ અધિનિયમ હેઠળ કોઈ નિયંત્રણ જાળવી રાખ્યું નથી. ઐતિહાસિક રીતે તેમજ ૧૯૫૭ના અધિનિયમ હેઠળ, સંસદ દ્વારા રાજ્ય સરકારને ગૌણ ખનિજો પર સંપૂર્ણ નિયંત્રણ સોંપવામાં આવ્યું છે કારણ કે આ ખનિજોને હંમેશા સ્થાનિક વિકાસ માટે મહત્વપૂર્ણ માનવામાં આવ્યા છે.

૧૭) ઉપરોક્ત અરજીને ટેકો આપવા માટે, તેમણે આ અદાલતનું ધ્યાન **ડી. કે. ત્રિવેદી એન્ડ સન્સ અને અન્યો** વિરુદ્ધ **ગુજરાત રાજ્ય અને અન્યો**(૧૯૮૬ પૂરક એસસીસી ૨૦)ના ચુકાદા તરફ દોર્યું હતું, જેમાં આ અદાલતે ઉપરોક્ત કલમ ૧૫ હેઠળ રાજ્ય સરકારોની નિયમો બનાવવાની સત્તાને ધ્યાનમાં લીધી હતી, જેમાં તેઓના દ્વારા મંજૂર કરાયેલા ગૌણ ખનિજોના ભાડાપટાઓના સંદર્ભમાં તેઓ મૃત ભાડું અને રોયલ્ટી વસૂલ કરી શકે અને આવા ભાડાપટાઓના નિર્વાહ દરમિયાન મૃત ભાડું અને રોયલ્ટીના દરમાં વધારો કરી શકે – જે ભાડાપટાઓની મંજૂરી પછીની શરતોને સંચાલિત કરવા માટે રાજ્ય દ્વારા ઉપયોગમાં લેવાતી સત્તા છે. ગૌણ ખનિજોના કાયદાકિય ઇતિહાસને જોયા પછી, એવું જાણવા મળ્યું હતું કે આ અધિનિયમના આધારે સમગ્ર બાબત સંસદ દ્વારા હસ્તગત કરવામાં આવી હતી અને ત્યારબાદ ગૌણ ખનિજોના સંદર્ભમાં તમામ સત્તાઓ રાજ્ય સરકારોને સોંપવામાં આવી હતી. અદાલતે એવું પણ નિરીક્ષણ કર્યું હતું કે, કલમ ૧૫ હેઠળ ગૌણ ખનિજોને નિયંત્રિત કરવાની સત્તા અત્યંત વ્યાપક છે; ગૌણ ખનિજો પરનું નિયંત્રણ સંપૂર્ણપણે રાજ્ય સરકારોના કાર્યક્ષેત્રમાં આવે છે; ગૌણ ખનિજોને ઐતિહાસિક રીતે વિધાનસભા દ્વારા સ્વતંત્રતા પહેલા અને પછી બંને સમયે સ્થાનિક વિસ્તારો અને સ્થાનિક હેતુઓ માટે ઉપયોગમાં લેવા માટેના હોવાનું

માનવામાં આવે છે; અને કલમ ૧૫(૧) હેઠળ બનાવેલા નિયમો દ્વારા તેઓને યોગ્ય લાગે તેવા પ્રતિબંધો સૂચવવાનું રાજ્ય સરકારો પર છોડી દેવામાં આવે છે.

૧૮) ઉપરોક્ત ચુકાદામાંથી, તેમની કાર્યવાહીની રીત એ હતી કે જો નિયમનની સત્તા રાજ્યોને તેઓની પોતાની સંસ્થા દ્વારા રાજ્યના લાભ માટે ગૌણ ખનિજોનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે, તો તે એ સુનિશ્ચિત કરવાની સત્તાને પણ આવરી લેશે કે ખાનગી પક્ષો પણ ભાડાપટાની શરત તરીકે રાજ્યની અંદર રેતીનો ઉપયોગ કરે. વધુમાં, કલમ ૧૫ની પેટા–કલમ (૧) ગૌણ ખનિજોના સંદર્ભમાં ભાડાપટા અને અન્ય ખનિજ છૂટછાટોની મંજૂરીનું નિયમન કરવા માટે છે અને તે પેટા–કલમ હેઠળના નિયમો માત્ર જે તે સમયના સંદર્ભમાં જ બનાવી શકાય છે જ્યારે આવા ભાડાપટા અથવા છૂટછાટો આપવામાં આવે છે અને તેના પછીના કોઈ પણ સમયના સંદર્ભમાં નહીં, એવી દલીલ **ડી. કે. ત્રિવેદી એન્ડ સન્સ**ના કિસ્સામાં ખાસ ધ્યાનમાં લેવામાં આવી હતી અને નકારી કાઢવામાં આવી હતી.

૧૯) શ્રી કપૂરે એવી પણ દલીલ કરી હતી કે **ઉત્તર પ્રદેશ પાવર કોર્પોરેશન લિમિટેડ** વિરુદ્ધ **નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ અને અન્યો**{(૨૦૦૯) ૬ એસસીસી ૨૩૫} કેસમાં આ અદાલતની ત્રણ

ન્યાયાધીશોની ખંડપીઠે એ અભિપ્રાયનો પુનરોચ્ચાર કર્યો છે કે સત્તાધિકારીને આપવામાં આવેલી નિયમનની સતા મંજૂરી આપવા સાથે સમાપ્ત થઇ જતી નથી. તેઓએ **હિંદ સ્ટોન** અને **કે. રામનાથન** વિરુદ્ધ **તમિલનાડુ રાજ્ય અને અન્ય**{(૧૯૮૫) ૨ એસસીસી ૧૧૬} ના ચુકાદાઓ પર આધાર રાખ્યો હતો, જેમાં આ અદાલતે પુનરોચ્ચાર કર્યો હતો કે 'નિયમન' શબ્દને બહોળો વ્યાપ આપવો જોઈએ. તેઓએ રજૂઆત કરી હતી **કે કે. રામનાથનના** કેસમાં આ અદાલત રાજ્યની બહાર ડાંગરના પરિવહન પર પ્રતિબંધ મૂકતા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા હુકમની માન્યતા પર વિચાર કરી રહી હતી. તે સંદર્ભમાં, આ અદાલતે અવલોકન કર્યું છે કેઃ

> "૧૯... એ જ સમયે, નિયમન કરવાની સત્તા તેની સાથે નિયમનને આધિન વસ્તુ પર સંપૂર્ણ સત્તા ધરાવે છે અને પ્રતિબંધાત્મક શબ્દોની ગેરહાજરીમાં, સમગ્ર વિષય ઉપર સતાને સંપૂર્ણ ગણવી જોઇએ... નિયમનની સતા તપાસ કરવાની સતા સૂચિત કરે છે અને જ્યાં શ્રેષ્ઠ અથવા માત્ર અસરકારક નિયમનમાં દમનનો સમાવેશ થાય છે તેવી ચોક્કસ પરિસ્થિતિઓમાં પ્રતિબંધિત કરવાની સતાને પણ સૂચિત કરી શકે છે...
>
> xx xx xx
>
> ૨૩... ખાદ્યપદાર્થો જેવી આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન, પુરવઠા અને વિતરણ, અને વેપાર અને વાણિજ્ય પર આવા નિયમન અથવા નિયંત્રણનો ઉપયોગ એવી રીતે કરી શકાય કે આવા ખાદ્ય પદાર્થોની વધારે ઉત્પાદવાળા વિસ્તારમાંથી ઉત્પન્ન કરનારાઓ પાસેથી મહતમ ખરીદી કરી ખાધ

> વિસ્તારમાં રાહત દરે સમાન વિતરણ કરવાના દ્રષ્ટિકોણથી જથ્થાબંધ વેપારી, કમિશન એજન્ટ અથવા છૂટક વેપારી દ્વારા રાખવામાં આવેલા ખાદ્ય પદાર્થોના વધારાના જથ્થાને રાજ્યની બહારના સ્થળોએ અથવા એક જિલ્લાથી બીજા જિલ્લામાં પરિવહન કરવામાં ન આવે તે સુનિશ્ચિત કરવા માટે આંતર–રાજ્ય અથવા રાજ્યની અંદર ખાદ્ય પદાર્થોની અવરજવર પર પ્રતિબંધ મૂકવો. વધારે જથ્થાવાળા રાજ્યમાંથી ખાદ્યપદાર્થોનો બહારની તરફ પ્રવાહને રોકવા માટે ખાદ્યપદાર્થોની નિકાસ પર આ પ્રકારનો પ્રતિબંધ, જે બેઈમાન વ્યાપારીઓ દ્વારા સર્જવામાં આવતી કૃત્રિમ અછત થકી આવા ખાદ્યપદાર્થોના આસમાને જતા ભાવ અટકાવે છે..... આ બીજું કંઈ નહીં પણ નિયમનકારી પગલાં છે."

૨૦) શ્રી કપૂરે વધુમાં રજૂઆત કરી હતી કે ઉપરોક્ત અવલોકનો અને ઉપરોક્ત બંને કેસોમાં નિયમનની સત્તાને આપવામાં આવેલા વિસ્તૃત અર્થઘટનને આ અદાલતની બંધારણીય ખંડપીઠે **યુપી કોઓપેરેટીવ કેન યુનિયન્સ ફેડરેશન્સ** વિરુદ્ધ **વેસ્ટ યુપી સુગર મિલ્સ એસોસિએશન અને અન્યો**{(૨૦૦૪) ૫ એસસીસી ૪૩૦}માં મંજૂરી આપી છે. આ કેસમાં, કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી લઘુતમ કિંમત ઉપરાંત ખાંડના કારખાનેદાર દ્વારા શેરડીની ખરીદી માટે રાજ્ય સરકારની રાજ્ય–સૂચિત કિંમત નક્કી કરવાની ક્ષમતા પર બંધારણીય ખંડપીઠ વિચાર કરી રહી હતી. સંબંધિત કલમ, એટલે કે કલમ ૧૬, પણ માત્ર નિયમનની સત્તા અને નિયમો અને શરતો ઠરાવવાની સત્તા પૂરી પાડે છે અને કિંમતો નક્કી

કરવાની સત્તા આપતી નથી. તે પાસાની ચર્ચા કરતા, નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

> "..."નિયમન" નો અર્થ થાય છે નિયંત્રણ કરવું અથવા નિયમ દ્વારા ગોઠવણ કરવી અથવા સંચાલક સિદ્ધાંતોને આધીન રહેવું. તે માત્ર અધિનિયમમાં વિશેષ રીતે આવરી લેવાયેલા જ નહીં પરંતુ સદ્ભાવનાથી વિચારાયેલા નિયમનને આનુષંગિક સતાઓને પણ પોતાનામાં સમાવી લે તેવા બધા જ પાસાઓને ધ્યાને લેવાતા અર્થ ધરાવતો વ્યાપક અસરવાળો શબ્દ છે અને તેનો અર્થ તે જે સંદર્ભમાં ઉપયોગમાં લેવાયેલો હોય અને કાયદાના હેતુ અનુસાર નક્કી કરવો પડશે."

૨૧) ઉપરોક્ત ચુકાદાઓના આધારે, શ્રી કપૂરની રજૂઆત હતી કે આ કોર્ટે સતત એવું માન્યું છે કે નિયમન કરવાની સત્તા સૌથી વધુ વ્યાપક છે અને તેથી, તે ગૌણ ખનિજોની હિલચાલને પણ નિયમન કરવાની સત્તાનો સમાવેશ કરશે, જેમાં લીઝમાં મૂકેલ, ખોદકામ કરાયેલ રેતી ગુજરાત રાજ્યની બહાર ન લઈ જવાની શરતનો પણ સમાવેશ થાય છે.તેમણે રજૂઆત કરી હતી કે **તમિલનાડુ રાજ્ય** વિ. **એમ. પી. પી. કાવેરી ચેટ્ટી** [**(૧૯૯૫) ૨ એસ.સી.સી ૭૦૨)] માં આ** અદાલતે એવું ઠરાવ્યું હતું કે એમ.એમ.ડી.આર. અધિનિયમ હેઠળ રાજ્ય સરકારને ગૌણ ખનિજો પર ખોદકામ કર્યા બાદ તેના પર નિયંત્રણ મેળવવાની કોઈ સત્તા આપવામાં આવી નથી. તેમની રજૂઆત હતી કે આ એકમાત્ર ચુકાદો છે જેણે વિસંગત

નોંધ લીધી છે અને આ નિર્ણય કરતી વખતે **ડી.કે. ત્રિવેદી એન્ડ સન્સમાં** અગાઉનો ચુકાદો કોર્ટના ધ્યાન પર લાવવામાં આવ્યો ન હતો.

૨૨) શ્રી કપૂરની બીજી રજૂઆત એ હતી કે આવો નિયમ ઘડવાની સત્તા એમ.એમ.ડી.આર. અધિનિયમની કલમ ૧૫(૧એ)(ડી)દ્વારા મળે છે. આ કલમ રાજ્ય સરકારને માઇનિંગ લીઝમાં શરતો લાદવાની સત્તા આપે છે અને તેથી, તેમાં તેવી તમામ શરતો લાદવાની સત્તાનો સમાવેશ થશે જે ખનીજોની માલિકીની રૂએ નિપજતી હોય. **અમૃતલાલ નાથુભાઈ શાહ અને અન્ય** વિરુદ્ધ **ભારત સરકાર અને અન્ય [(૧૯૭૬) ૪ એસ.સી.સી ૧૦૮]** માં સ્થાપિત કરેલ એમ, રાજ્ય સરકાર જ 'ખદાનોની' અને તેમાં 'નિહિત' ખનિજોની માલિક હોવાથી લાઇસન્સ આપતી વખતે, તે આવા ખનિજોની હિલચાલ અને પ્રવાહને લગતી શરતો પણ મૂકી શકે છે. તેમણે **મોનેટ ઈસ્પાત એન્ડ એનર્જી લિમિટેડ** વિ. **યુનિયન ઓફ ઈન્ડિયા**. [(૨૦૧૨) ૧૧ એસ.સી.સી ૧] માં નીચેના અવલોકનોમાંથી પણ સમર્થન મેળવ્યું હતું:

> " ૮૬...અમૃતલાલ નાથુભાઈ શાહમાં આ કોર્ટનો ચુકાદો એક તરફ ખનિજને તેની પોતાની મિલકત તરીકે શોષણ કરવાની અનામતની સત્તા અને બીજી તરફ ૧૯૫૭ના અધિનિયમ અને ૧૯૬૦ના નિયમો હેઠળ ખાણો અને ખનીજોના વિકાસના નિયમન વચ્ચેનો તફાવત પ્રસ્થાપિત કરે છે.રાજ્ય સરકારને પોતાના ઉપયોગ માટે તેના પ્રદેશમાં ખાણકામ માટે ચોક્કસ વિસ્તારને અનામત કરવાની સત્તા તે તેની

માલિકીના કારણે છે; અને તે ત્યાંથી અવિભાજ્ય છે સિવાય કે તેને ૧૯૫૭ના અધિનિયમ દ્વારા યોગ્ય કાયદા દ્વારા સ્પષ્ટપણે નકારવામાં આવે જે સંસદ દ્વારા કરવામાં આવ્યું નથી.રાજ્ય દ્વારા તેની માલિકીની જમીનને તેના વિશિષ્ટ ઉપયોગ માટે અને તેના વર્ચસ્વ અને નિયંત્રણ હેઠળ અલગ કરવુ તે મારા મતે, સાર્વભૌમત્વ અને માલિકીની ઘટના છે."

